Exhibit - 36 OTHER

અમદાવાદના મે. ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં

ઈ.સી.સી નં. 5724/2025

ફરીયાદી: યુકો બેંક

વિરુદ્ધ

તહોમતદાર: ઈન્ફ્રા. પ્રોજેક્ટ પ્રા. લીમીટેડ અને અન્ય

બાબત:- મુદત અરજી

આરોપીના એડવોકેટની/ કાયદાસલાહકારશ્રીની

નમ્ર અરજ છે.

આજ રોજ આ કામના આરોપીના એડવોકેટ આજ રોજ બીજા કેસમા રોકાયેલ હોવાથી/ નામદાર કોર્ટમા હાજર રહી શકેલ નથી તેમજ તા 2/3/2026 ના રોજ ઉલટતપાસ લીધેલ હોય તેમજ નામદાર સેશન્સ કોર્ટ ના ક્રિ. અપીલ નં. 59/2026 ની ઉલટતપાસ માટે નો 10 દિવસનો સમય આપેલ હોય જેથી સદર કામમા ઉલટતપાસ માટે મુદત આપવા અમારી વિનંતી/ અરજ છે

અમદાવાદ

તા 3/3/2026

N B Patel

રજૂ કરનારની સહી

સમય: 03:33 PM

તા-03/03/2026

સમન્સ પાઠવો.
ફરીયાદી
પક્ષકાર
... ના
જરૂર છે.
... 
... તારીખ
... 
3/3/26

ઈ.સી.સી./૫૭૨૪/૨૦૨૫

<u>આંક – ૩૬ લગત હુકમ</u>

<u>(૧)</u> અરજી વંચાણે લીધી તથા અરજી અંગે ફરિયાદીના વિદ્વાન વકીલશ્રીનો શેરો વંચાણે લીધો અને કેસનું રેકર્ડ વંચાણે લીધુ. આ કામના આરોપીઓના વિદ્વાન વકીલશ્રીએ આજરોજ ફરિયાદીની વધુ ઉલટતપાસ કરવા માટે મુદ્દતની માંગણી કરતી અરજી કરેલ છે. આ મુદ્દત અરજી મંજૂર કરવા સામે ફરિયાદીના વિદ્વાન વકીલશ્રીએ સખત વાંધો લીધેલ છે.

<u>(૨)</u> સબબ કામે કેસનું રેકર્ડ વંચાણે લેતાં આરોપીને ફરિયાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી તકો આપવામાં આવેલ હોવા છતાં આરોપી અગર તો તેમના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ કરવામાં ન આવતા તેમનો ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ.

<u>(૩)</u> ત્યારબાદ, આ કામના આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા તા. ૦૧/૧૨/૨૦૨૫ ના રોજ આંક – ૧૪ થી ઉલટતપાસનો હક્ક ઓપન કરવા માટે અરજી આપવામાં આવતાં તે અરજી ન્યાયના હીતમાં વિશાળ હિતમાં મજૂર કરવામાં આવેલ.

<u>(૪)</u> ત્યારબાદ, તા. ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ આરોપીના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ શરૂ કરવામાં આવેલ અને કોર્ટ સમય પૂર્ણ થતાં સબબ કામ ફરિયાદીની વધુ ઉલટતપાસ માટે તા. ૧૧/૦૨/૨૦૨૬ ના રોજ રાખવામાં આવેલ. તેમ છતાં તા. ૧૧/૦૨/૨૦૨૬ ના રોજ ફરિયાદી ઉલટતપાસ માટે કોર્ટ સમક્ષ હાજર હોવા છતાં આરોપીના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરિયાદીની ઉલટતપાસ માટે ફરીથી મુદ્દત અરજી આપવામાં આવેલ. પરંતુ તે મુદ્દત અરજીમાં જણાવેલ કારણ યોગ્ય અને સંતોષકારક જણાતા ન હોય તે અરજી નામંજૂર કરવામાં આવેલ અને આરોપીનો ફરિયાદનો વધુ ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ.

<u>(૫)</u> ત્યારબાદ, આ કામના આરોપીના વિદ્વાન વકીલશ્રીએ ફરિયાદીની વધુ ઉલટતપાસ કરવાનો હક્ક ઓપન કરવા માટે આંક–૩૦ થી અરજી આપવામાં આવેલ જે અરજી નામદાર કોર્ટે ફરિયાદવાળા ચેકમાં જણાવેલ રકમની ૨૦% રકમ દિન–૭ માં કોર્ટમાં જમા કરાવ્યેથી આરોપીનો ફરિયાદીની વધુ ઉલટતપાસ કરવાનો હક્ક રી–ઓપન કરવાનો હક્ક કરવામાં આવેલ.

<u>(૬)</u> નામદાર કોર્ટે આંક–૩૦ની અરજી લગત કરવામાં આવેલ હુકમથી નારાજ થઈ આ કામના આરોપીઓએ નામદાર સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદમાં ક્રિમિનલ રિવિઝન અરજી નં. ૫૯/૨૦૨૬ ની દાખલ કરેલ જે કામે નામદાર સેશન્સ કોર્ટે તેમની રિવિઝન અરજી મંજૂર કરેલ અને ફરિયાદીને રૂા. ૧૫,૦૦૦/– કોસ્ટ પેટે ચુકવી આપવાનો અને હુકમ થયાની તારીખથી દિન–૧૦ માં ફરિયાદીની ઉલટતપાસ પૂર્ણ કરવાનો તેમજ હાલના કેસની કાર્યવાહી આગળ ચલાવવા માટે ટ્રાયલ કોર્ટને સંપૂર્ણપણે સહકાર આપવા માટે હુકમ કરેલ. નામદાર સેશન્સ કોર્ટે ક્રિમિનલ રિવિઝન અરજી નં. ૫૯/૨૦૨૬ ના કામે કરેલ હુકમ બાદ તા. ૦૨/૦૩/૨૦૨૬ ના રોજ આ કામના આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી દ્વારા ફરિયાદીની વધુ ઉલટતપાસ શરૂ કરવામાં આવેલ અને વધુ ઉલટતપાસ માટે મુદ્દતની માંગણી કરતાં સબબ કામ આજ રોજ ફરિયાદીની વધુ ઉલટતપાસ માટે રાખવામાં આવેલ.

<u>(૭)</u> આજ રોજ ફરિયાદી તેમજ તેમના વિદ્વાન વકીલ શ્રી હાજર છે, આરોપી તેમજ આરોપીના વિદ્વાન વકીલ શ્રી હાજર નથી. નામદાર સેશન્સ કોર્ટે ક્રિમિનલ રિવિઝન અરજી નં. ૫૯/૨૦૨૬ ના કામે આ કામના આરોપીઓને હાલના કેસના ટ્રાયલમાં ટ્રાયલ કોર્ટને સહકાર આપવાની સુચના આપેલ હોવા છતાં આજ રોજ આરોપીના વિદ્વાન વકીલશ્રીએ ફરિયાદીની વધુ ઉલટતપાસ માટે આ મુદ્દત અરજી રજૂ કરેલ છે. પરંતુ હાલની મુદ્દત અરજીમાં આરોપીના વિદ્વાન વકીલશ્રીએ જે કારણ જણાવેલ છે તે યોગ્ય અને સંતોષકારક જણાતું નથી અને હાલના કેસના ટ્રાયલનું કામ ઈરાદાપૂર્વક

લંબાવવા માટે તેમજ અત્રેની કોર્ટને હાલનો કેસ આગળ વધારવા માટે સહકાર ન આપવાાના એકમાત્ર આશયથી આપેલ હોવાનું સ્પષ્ટપણે જણાય આવે છે. ઉપરના એકંદર સંજોગોમાં હાલની અરજી નામંજૂર કરવામાં આવે છે અને આરોપીઓનો ફરિયાદીની વધુ ઉલટતપાસ કરવાનો હક્ક આથી ફરિથી બંધ કરવામાં આવે છે.

Digitally signed by
CHAITANYAKUMAR GOPALDAS DESAI (GJ01211)
on 03/03/2026 17:04:08 IST.

તા. ૦૩/૦૩/૨૦૨૬
સ્થળ:– અમદાવાદ શહેર

૩૧માં એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
અમદાવાદ શહેર
પ્રિસાઈડીંગ ઓફિસર
SARAS N.I. Court No.1
CJM Court, Ahmedabad City
Code No. GJ 01211